ટ્રાફિક દબાણ ઘટાડવા અને માર્ગવ્યવસ્થા સુધારવા મહાનગરપાલિકાનું મહત્વપૂર્ણ પગલું

ટ્રાફિક-મુક્ત ઝોન બનાવવાના કામો હાથ ધરાશે

નવસારીમાં માર્ગને અવરોધરૂપ ગેરકાયદે બાંધકામો હટાવાયા

નવસારીમાં રેલવે સ્ટેશન વિસ્તારમાં પાલિકાની કાર્યવાહી

ગેરકાયદે બાંધકામો દૂર કરી માર્ગ 7.50 મીટર સુધી ખુલ્લો કરાયો

નવસારી : નવસારી રેલ્વે સ્ટેશન વિસ્તારના ટ્રાફિક દબાણ ઘટાડવા અને માર્ગવ્યવસ્થા સુધારવા માટે મહાનગરપાલિકાએ આજે મહત્વપૂર્ણ પગલું ભર્યું હતુ. રેલ્વે ઓવરબ્રિજ સર્વિસ રોડના જમણા ભાગે, ખાસ કરીને પ્રકાશ ટોકીઝ વિસ્તાર પાસે, લાંબા સમયથી માર્ગમાં અવરોધરૂપ બનેલા ગેરકાયદે બાંધકામો અને અડચણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

ઈજનેરી વિભાગ, ટાઉન પ્લાનિંગ અને દસ્તા દળની ટીમોની હાજરીમાં થયેલી આ કાર્યવાહી સંપૂર્ણપણે શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી. અગાઉ 5.50 મીટર પહોળો રહેલો માર્ગ હવે બાંધકામો દૂર થતા 7.50 મીટર સુધી વિસ્તૃત થયો છે, જે આવનારા દિવસોમાં રેલ્વે સ્ટેશન તરફ વધતા વાહનવ્યવહારને

સુવ્યવસ્થિત કરવામાં મદદ કરશે.

પાલિકા દ્વારા નોટિસો આપીને દુકાનદારો તથા નાગરિકોને સમજાવટ કરવામાં આવી હતી, જેના કારણે આજે કોઈ વિરોધ કે અટકાવ સામે આવ્યો નહોતો. નાગરિકો અને વેપારીઓના સ્વૈચ્છિક સહકારથી કામગીરી વધુ સરળ બની હતી.

પાલિકા અનુસાર, સ્ટેશન વિસ્તારને વધુ સુવ્યવસ્થિત બનાવવા આગળના તબક્કામાં માર્ગ સુધારણા, સુરક્ષા સુવિધાઓમાં વધારો અને ટ્રાફિક-મુક્ત ઝોન બનાવવા માટેના વિકાસકામો હાથ ધરવામાં આવશે. શહેરના વિકાસ માટે નાગરિકોના સહકાર બદલ પાલિકાએ આભાર વ્યક્ત કર્યો છે.

સાપુતારા ઘાટમાં એસટીની બ્રેક ફેઈલ, 1 યુવાનનું મોત

ડ્રાઈવરે કાબુ ન રાખ્યો હોત તો ST 200 ફૂટ ઊંડી ખીણમાં ખાબકતે

સાપુતારા ઘાટમાર્ગમાં પાટણ-નાસિક એસટી બસની બ્રેક ફેઈલ થતા બેકાબુ બની

સામેથી આવી રહેલી 3 બાઇકને અડફેટે લેતા એકનું મોત, ઝાડ સાથે અથડાઈ

ગણેશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાનાં સાપુતારા-માલેગામ ઘાટ માર્ગ પર એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં GSRTCની પાટણ-નાસિક એસટી બસની બ્રેક ફેલ થતા ત્રણ મોટરસાઇકલને અડફેટે લીધી હતી. આ કરૂણ ઘટનામાં એક મોટરસાઇકલ ચાલકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયુ હતુ. જ્યારે અન્ય એક ગંભીર રીતે ઘાયલ થયો હતો. જોકે, બસ ડ્રાઇવરની સમયસૂચકતાને કારણે બસમાં સવાર 35 જેટલા મુસાફરોનો આબાદ બચાવ થયો હતો, જેનાથી મોટી જાનહાનિ ટળી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, GSRTC બસ નં. GJ -18-Z-8964ની આ બસ નાસિકથી પાટણ તરફ જઈ રહી હતી. સાપુતારા-માલેગામ ઘાટના જોખમી માર્ગ પર અચાનક બસની બ્રેક ફેલ થઈ જતા બસ બેકાબૂ બની ગઈ હતી. પહાડી રસ્તા પર બેકાબૂ બસ ખૂબ જ ઝડપથી નીચે ઉતરવા લાગી હતી. આ દરમિયાન સામેથી આવી રહેલી ત્રણ મોટરસાઇકલોને બસે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં માલેગામની મોટરસાયકલ નં. જીજે-30-એફ-4596 તથા દબાસની મોટરસાયકલ જીજે-30-સી-4349 તથા માલેગામની મોટરસાયકલ નં. જીજે-05-એનઈ-8032ને બસે અડફેટે લીધી હતી. બસની ટક્કર એટલી પ્રચંડ હતી કે એક મોટરસાઇકલ ચાલકનું ઘટનાસ્થળે જ ધનુદાસ રામદાસ હડશ (ઉ. વ.30 રહે.માલેગામ) નું કરૂણ મૃત્યુ થયું હતું, જ્યારે બીજી મોટરસાઇકલ પર સવાર વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ હતી. ઘાયલ વ્યક્તિને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. એસટી બસે મોટરસાયકલોને 200 ફૂટ દૂર સુધી ઘસડી હતી. બસમાં કુલ 35 મુસાફરોમાં પણ અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. એસટી બસ બ્રેક ફેલ થતા ડ્રાઇવરે ગભરાયા વિના ભારે સમયસૂચકતા વાપરી ઘાટમાર્ગ પર બસને કાબૂમાં લેવા માટે અંતિમ પ્રયાસ કરી બસને યુ-ટર્ન મારી ઝાડ સાથે અથડાવી દીધી હતી. આ જોખમી નિર્ણયથી બસની ગતિ અંકુશમાં આવી અને તે પહાડી વિસ્તારમાં ઊંડી ખીણમાં પડતા બચી ગઈ હતી.

મોટી જાનહાનિ ટળી

જો બસ માત્ર 200 ફૂટ પણ આગળ વધીને યુ-ટર્ન પરથી ખીણમાં નીચે ઉતરી જાત, તો મૃત્યુઆંક ખૂબ મોટો આવી શક્યો હોત. બસ ડ્રાઇવરની આ વીરતાપૂર્ણ અને સમયસરની કાર્યવાહીને કારણે જ તમામ 35 મુસાફરોનો આબાદ બચાવ થયો હતો અને મોટી જાનહાનિ ટળી હતી. આ ઘટનાની જાણ થતા જ સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ. પી.ડી.ગોંડલિયા સહીત સાપુતારા નાયબ મામલતદાર પી.વી.પરમાર અને સ્થાનિક રાહત ટીમો સ્થળ પર પહોંચી ગઈ હતી. સાપુતારા પોલીસે અકસ્માત અંગેનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અકસ્માતનાં બનાવમાં ઘાટ માર્ગ પર વાહનવ્યવહાર થોડા સમય માટે ખોરવાયો હતો.

જાહેર કાર્યક્રમ દરમિયાન થયેલી ટકોર નવસારીના રાજકીય વર્તુળોમાં ચર્ચા બની

"અમે અમારું ફોડી લેશું, તમે નવસારીનું ફોડી લેજો"

વિજલપોરમાં ધારાસભ્યની ટકોર, જિલ્લા ભાજપ પ્રમુખને મંચ પરથી સલાહને વીડિયો વાયરલ

કાર્યક્રમમાં વિજલપોરના ધારાસભ્ય અને જિલ્લા ભાજપ પ્રમુખ વચ્ચેની હલકી-ફુલકી નોકઝોક સોશિયલ મીડિયામાં વાયરલ

નવસારી: વિજલપોરમાં યોજાયેલા જાહેર કાર્યક્રમ દરમિયાન થયેલી ટકોર હાલ નવસારીના રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુખ્ય વિષય બની છે. આશાપૂરી મંદિર સર્કલ નજીક શ્રી ક્ષત્રિય વિર શિરોમણી મહારાણા પ્રતાપસિંહ સ્મારક ભૂમિ પૂજન કાર્યક્રમમાં વિજલપોરના ધારાસભ્ય આર.સી. પટેલ અને જિલ્લા ભાજપ પ્રમુખ ભૂરાભાઈ શાહ વચ્ચેની મંચ પરથી થયેલી હલકી-ફુલકી નોકઝોક સોશિયલ મીડિયામાં વાયરલ થઈ છે.

આ કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય પટેલે વ્યંગાત્મક અંદાજમાં જિલ્લા પ્રમુખને સંબોધતા જણાવ્યું કે, "તમે વિજલપોરની ચિંતા નહી કરતાં, અમે અમારું ફોડી લેશું તમે નવસારીનું ફોડી લેજો."

આ નિવેદન સાંભળતાં જ મંચ પર હાસ્યનું માહોલ સર્જાયો હતો. જિલ્લા પ્રમુખે પ્રતિભાવ આપતા કહ્યું, "મને તો આ વિસ્તારની જ જવાબદારી આપવામાં આવી છે." ધારાસભ્ય પટેલે તરત જ જવાબ આપતા કહ્યું કે, "મહારાણા પ્રતાપ તો દેશના રક્ષક હતા, એમાં કોઈ પ્રશ્ન નથી. પરંતુ અત્યારે અમને વિજલપોરની જવાબદારી પણ આપો અમારા માટે તો એટલું જ ઇનફ છે." આ સમગ્ર વાતચીતનો વીડિયો સોશિયલ મીડિયામાં ઝડપથી વાયરલ થઈ રહ્યો છે અને સ્થાનિક રાજકીય ચર્ચાઓમાં આગ પકડી છે.

આ ઘટના ફરી એકવાર આંતરિક અસંતોષને પ્રકાશમાં લાવી

આ પહેલાં પણ ધારાસભ્ય આર.સી. પટેલે વિવિધ પ્રસંગોએ જિલ્લા ભાજપ પ્રમુખ પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હોવાના ઉલ્લેખો સામે આવ્યા છે. અગાઉ એક કાર્યક્રમ દરમિયાન પ્રમુખની સ્ટેજ હાજરી મુદ્દે પણ તેમણે ટકોર કરી હતી, જે ચર્ચામાં રહેલી. કાર્યક્રમના અંતે ધારાસભ્યએ રાજપૂત, કોડી સહિતના સમાજોને એકજૂટ રહેવાની અને આંતરિક મતભેદો દૂર રાખવાની અપીલ કરી હતી. વિજલપોર-નવસારીના રાજકીય હલચલમાં આ ઘટના ફરી એકવાર આંતરિક અસંતોષને પ્રકાશમાં લાવી છે.

વાપી કોચરવામાં મજૂર યુવકને લોખંડના પાઈપ, દંડા વડે ફટકાર્યો

તેં અચાનક કામ છોડી દેતાં મને નુકસાન થયું છે, તેવા આક્ષેપ સાથે ઘરે બોલાવી ઢોરમાર માર્યો

વાપીઃ વાપી નજીકના કોચરવામાં ત્રણ ઈસમે ડંડો અને લોખંડના પાઈપ વડે મજૂર યુવકને માર માર્યો હતો. મજૂરે અચાનક કામ છોડી દેતા નુકશાન કોણ ભરપાઈ કરશે કહી બોલાચાલી કરી હતી.

વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, મૂળ ઝારખંડ અને હાલ વાપી જીઆઈડીસી થર્ડ ફેઝ સ્થિત કેન્ફા ઈન્ડસ્ટ્રીઝ કંપનીના રૂમમાં આકાશ કિશોર લખીરામ સોરેન (ઉ.20) પરિવાર સાથે રહે છે અને મજૂરી કામ કરે છે. તેઓ અગાઉ વાપી નજીકના કોચરવા કુંભાર ફળિયામાં રહેતા હાર્દિક નરેશભાઈ પટેલના ત્યાં કામ કરતો હતો. 1-12-25ના રોજ હાર્દિક રૂમ ઉપર આવ્યો હતો અને જણાવ્યું કે, અગાઉ તું મારી સાથે કામ કરતો હતો અને અચાનક કામ કરવાનું છોડી દેતા મને નુકશાન થયેલ છે તેની ભરપાઈ કોણ કરશે? એવું જણાવી બોલાચાલી કરી હતી.

બાદમાં હાર્દિકે બપોરના સમયે ઘરે બોલાવ્યો હતો જેથી આકાશ બપોરના દોઢેક વાગ્યાની આસપાસ હાર્દિકના ઘરે ગયો હતો. હાર્દિક તથા તેના પિતા નરેશભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને લાકડાનો ડંડો અને લોખંડનો પાઈપ લઈને મારવા લાગ્યા હતા. તેમની બાજુમાં રહેતા હેમુભાઈ પણ લાકડાનો ડંડો લઈને મારવા લાગ્યો હતો. આકાશને ઘુંટણ તથા હાથ-પીઠના ભાગે મૂઢમાર લાગ્યો હતો. આકાશે તેના મિત્રને ફોન કરીને બોલાવ્યો હતો અને 108 બોલાવી વાપી સરકારી હોસ્પિટલ અને વધુ સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડયો હતો. મારામારી કરનારા હાર્દિક નરેશભાઈ પટેલ, નરેશભાઈ બાબુભાઈ પટેલ અને હેમુ પટેલ (તમામ રહે. કોચરવા, વાપી) સામે વાપી ડુંગરા પોલીસ મથકમાં આકાશ સોરેને ફરિયાદ નોંધાવી હતી.

ગ્રીડ ઓવરબ્રિજ પાસેથી દેશી પિસ્તોલ સાથે બે ઝડપાયા

નવસારી : નવસારી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગેરકાયદે હથિયારોની હેરફેર અટકાવવા માટે એસ.ઓ.જી. ટીમે ખાસ ઓપરેશન હાથ ધર્યું હતું. મળેલી ચોક્કસ બાતમીના આધારે એસ.ઓ.જી.ના અધિકારી તથા સ્ટાફે ગ્રીડ ઓવરબ્રિજ નજીક બે શંકાસ્પદ ઈસમો નજરે ચઢતા તેમને રોકી ચકાસણી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન બંનેના પાસેથી દેશી હાથ બનાવટની મેગેઝીનવાળી પિસ્તોલ, બે મોબાઈલ ફોન, કાપડની થેલી તથા અન્ય મુદ્દામાલ મળી આવતા તેમની ધરપકડ કરવામાં આવી હતી. પકડાયેલા આરોપીઓની ઓળખ સુરતાનભાઈ ફેન્દ્રિયા લોહારિયા (45) અને નમરસીહ રાવલિયા સસ્તીયા (42) (બંને રહે, જામલી ગામ, મધ્યપ્રદેશ) તરીકે થઈ છે. પોલીસના જણાવ્યા મુજબ, આ બંને ઈસમો પિસ્તોલને વધુ ભાવે વેચવા માટે ગ્રાહક શોધી રહ્યા હતા. આ સાથે, ઘટનામાં સંડોવાયેલા બે અન્ય અજાણ્યા વોન્ટેડ ઈસમોની શોધખોળ ચાલુ છે. કુલ 23,000ના મુદ્દામાલ સહિત બંને શખ્સ વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.ઓપરેશન ચાલુ રહેશે.

વાપી-ડાંગની હોટલોના પનીરના નમૂના ચકાસણી માટે મોકલાયા

હોટલોના માલિકોને ખાદ્ય પદાર્થો બનાવવા માટે વપરાતી વસ્તુઓની માહિતી પર લેબલ લગાવવા સૂચના આપવામાં આવી

વલસાડ : ખાદ્ય અને ઔષધ નિયમન તંત્ર, વલસાડના અધિકારી એ.આર. વળવીના માર્ગદર્શન હેઠળ, ફૂડ સેફ્ટી અધિકારીઓની સંયુક્ત ટીમે વલસાડ અને ડાંગ જિલ્લામાં ખોરાકની ગુણવત્તા તપાસવા વિશેષ અભિયાન હેઠળ હોટલો, રેસ્ટોરેન્ટ, ખાણી-પીણીની દુકાનો અને લારીઓની તપાસ કરી હતી. જેમાં વાપીમાં 11 સ્થળેથી અને ડાંગ જિલ્લામાં 6 સ્થળોએથી ખાદ્ય પદાર્થોના નમૂનાઓ લઈ ગુણવત્તા ચકાસણી માટે મોકલાયા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ફૂડ એન્ડ ડ્રગ વલસાડ વિભાગ દ્વારા વાપી અને ચલામાં આવેલી અમરીશ રેસ્ટોરેન્ટ, રંગોલી રેસ્ટોરેન્ટ, હોટલ ટાઈમ, ઝોડીયાક, એડવાન્સ અગેઇન, વુડલેન્ડ, દર્શન રેસ્ટોરેન્ટ, બાપુસ ફાસ્ટ ફૂડ, ન્યૂ બાલાજી 99 ઢોસા સેન્ટર એન્ડ ફાસ્ટ ફૂડ અને ગણનંદ રેસ્ટોરેન્ટ સહિત કુલ 11 સ્થળોની તપાસણી કરવામાં આવી હતી. આ તપાસણી દરમિયાન 7 પનીર અને પનીરની વાનગીઓના તથા 1 ચીઝ એનાલોગનો સમાવેશ થતા કુલ 8 નમૂનાઓ એનાલિસિસ માટે લેવામાં આવ્યા છે. તે જ રીતે ડાંગ જિલ્લાના સાપુતારાની ચિકુટ ગેટ હાઉસ એન્ડ રેસ્ટોરેન્ટ, હોટલ શિપી ઇન્ટરનેશનલ, લેક વ્યૂ રેસ્ટોરેન્ટ, હોટલ સેજલ ઇન, આસ્પા વેન્ચર્સ અને હોટલ લેક વ્યૂ સહિત 6 સ્થળની તપાસણી કરવામાં આવી હતી, જેમાંથી 6 પનીર અને પનીરની વાનગીઓના નમૂનાઓ લઈ લેબોરેટરીમાં ગુણવત્તા ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે. તપાસણી દરમિયાન ખાદ્ય પદાર્થોની ગુણવત્તા, સ્વચ્છતા અને સુરક્ષા માટેના નિયમોના પાલનની ચકાસણી કરી હતી. પહેલાં જણાયેલા કેસમાં ફૂડ કોર્ટના માલિકોને ખાદ્ય પદાર્થો બનાવવા માટે વપરાતી વસ્તુઓની માહિતી ગ્રાહકોને સ્પષ્ટ રીતે જણાય તે માટે લેબલ લગાવવા અને હાઈજીનિક તથા સેનેટરી શરતો જાળવી રાખવા અંગે જરૂરી સૂચનાઓ પણ આપવામાં આવી છે. આગામી દિવસોમાં આ અભિયાન ચાલુ રહેશે અને નિયમોનું ઉલ્લંઘન કરનારા પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

ગણદેવી તાલુકાનાં ગામેગામ દીપડાઓની દહેશત વ્યાપી

આંતલીયા વલ્લભ આશ્રમ સ્કૂલ પાછળ દીપડાએ ચડતા ઢોરનો શિકાર, લોકોમાં ગભરાટ

બીલીમોરા : બીલીમોરા નજીક આંતલીયા વલ્લભ આશ્રમ સ્કૂલ પાછળ દીપડાએ શુક્રવારે વહેલી સવારે રખડતા ઢોરનો શિકાર કરતા લોકોમાં દહેશત વ્યાપી હતી. જે સાથે ધકવાડા ધુરીયા ફળીયામાં પણ દીપડો દેખાયો હતો. વન વિભાગે શુક્રવાર બપોરે બીલીમોરા નજીક ધકવાડા ધુરીયા ફળિયા અને આંતલીયામાં પાંજરા ગોઠવ્યા હતા

ગણદેવી તાલુકાનામાં અંબિકા, કાવેરી વેંગણીયા, પનિહારી જેવી નદીઓ વહે છે. અહીંનો બાગાયતી વિસ્તાર વન્ય જીવો માટે અભયારણ્ય સમાન છે. તેમજ ગણદેવા ગામે

ફરસી બારીયા

૧૮૦ હેક્ટર જેટલો જંગલ વિસ્તાર પણ આવેલો છે. જેમાં વસવાટ કરતા દીપડા ખોરાકની શોધમાં માનવ વસ્તીમાં આવતા હોય છે. એક તરફ શેરડી અને ઘાસ કપાતા વાડી વગડા ચોખ્ખા થઈ રહ્યા છે. તેવા સમયે ગામે ગામ દીપડાની બુમો ઉઠવા પામી છે. ગત સપ્તાહ અગાઉ વન વિભાગે એંધલ, મટવાડ, પાટી, અંભેટા, તલોધ, દેવસર ગામે પાંજરા ગોઠવ્યા હતા. તલોધ અને દેવસર બાદ શુક્રવાર રાતે ધકવાડા ગામના ધુરિયા ફળીયામાં જોવા મળ્યો હતો. વન વિભાગે સ્વ. હસમુખભાઈ પટેલનાં ખેતરમાં પાંજરું ગોઠવ્યું હતું. દરમ્યાન શુક્રવારે વહેલી સવારે આંતલીયા હરસિદ્ધ ગાર્ડન પાછળ ભરચક વિસ્તારમાં રખડતા ઢોરને ફાડી ખાતા ચકચાર મચી હતી. વન વિભાગને ઢોરનાં અવશેષો મળી આવતા તે અવશેષો મૂકી પાંજરું ગોઠવ્યું હતું. ગણદેવી રાઉન્ડ ફોરેસ્ટ અંકિતા પટેલ, ધકવાડા સરપંચ નમ્રતા પટેલ, તાલુકા પંચાયત સભ્ય ભાવેશ પટેલ તેમજ અભિ, ચેતનભાઈ, વાઈલ્ડ લાઈફ વેલ્ફેર ફાઉન્ડેશન નવસારીનાં ભાવેશ રાઠોડ, સચિનભાઈ, જિજ્ઞેશ ગાયકવાડ સહિતે જહેમત ઉઠાવી હતી.

સરદાર ભીલાડવાળા બેંક અન્ય ત્રણ જિલ્લામાં શાખા ખોલી શકશે : આરબીઆઈ

વાપી : વલસાડ જિલ્લાના લોકોની જીવાદોરી સમાન એસબીપીપી કો-ઓપ.બેંક લિં. રિઝર્વ બેંકની નવી ગાઈડલાઈન્સ મુજબ જુદા જુદા ત્રણ જિલ્લામાં પોતાની શાખા ખોલી શકશે. હાલમાં રિઝર્વ બેંક દ્વારા (FSWM)જુના કાયદાને બદલી (ECBA) નવો કાયદો લાગુ કરાયો છે. જેને લીધે જે બેંકો સબંધિત માપદંડો પર ખરી ઉતરતી હોય તેઓ જે તે રાજ્યના અન્ય ત્રણ જિલ્લામાં પોતાની શાખા રિઝર્વ બેંકની મંજૂરી સિવાય ખોલી શકશે. સરદાર ભીલાડવાળા બેંક ગ્રાહકોના સહયોગથી હાલ રૂપિયા 1100 કરોડની ડિપોઝીટ નજીક પહોંચી ગઈ છે. જ્યારે બેંકનું એડવાન્સ રૂપિયા 705.00 કરોડ થયું છે. બેંકનો કુલ ધંધો રૂપિયા 1800.00 કરોડનો થયો હોય, છેલ્લા 5 વર્ષ પર નજર નાંખીએ તો બેંકે રૂપિયા 538 કરોડનો જંગી ધંધો કરીને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. બેંક દ્વારા છેલ્લા બે વર્ષથી સભાસદોને સતત 20% ડિવિડંડ અપાયું છે. રિઝર્વ બેંકની ગાઈડલાઈન મુજબ બેંક યોગ્ય હોવાથી સરદાર ભીલાડવાળા બેંક હવે ગુજરાતના વલસાડ જિલ્લા સિવાય પણ અન્ય ત્રણ જિલ્લામાં પોતાની શાખા રિઝર્વ બેન્કની મંજૂરી વગર ખોલી શકશે.

આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.
(અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે)
IDFC FIRST Bank
સીઆઈએન: L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 8મો માળ, હેરીંગટોન રોડ, ચેટપેટ, ચેન્નઈ-600031.
ટેલિફોન:91-44-4564 4000| ફેક્સ:91-44-4564 4022

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ એક્ટ 2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ

નીચે ઉલ્લેખીત ઋણ લેનાર અને સહ-ઋણ લેનારે નીચે ઉલ્લેખીત સિક્યોર્ડ લોન આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) પાસે લીધું હતું. નીચે ઉલ્લેખીત ઋણ લેનાર અને સહ-ઋણ લેનારનું ઋણ તેમની મિલ્કતને ગીરે મૂકીને સિક્યોર્ડ છે. તેઓ ઋણની સમજૂતીના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હતા અને અનિયમિત બન્યા હતા, તેમનું ઋણ આરબીઆઈના દિશાનિર્દેશ મુજબ એનપીએ તરીકે વર્ગીકૃત કરાયું છે . તેમના દ્વારા આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ને (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) આપવાની બાકી રકમનો ઉલ્લેખ નીચેના કોષ્ટકમાં વધુ ખાસ રીતે વર્ણવેલ સંબંધિત નોટિસો મુજબ કરવામાં આવ્યો છે અને આ રકમ પર વધુ વ્યાજ પણ લાગુ થશે અને તે તેમની સંબંધિત તારીખોથી પ્રભાવિત કરારના દર મુજબ વસૂલવામાં આવશે.

અ. નં.	લોન એકાઉન્ટ નં.	લોનનો પ્રકાર	ઋણ લેનાર અને સહ ઋણ લેનારનું નામ	કલમ 13 (2) હેઠળની નોટીસની તારીખ	કલમ 13 (2) હેઠળ બાકી નીકળતી રકમ
1	45364160	હોમ લોન	1. શેખર ગુરૂદયાલ પર્યા 2. સુનિતા શેખર પર્યા	29.11.2025	Rs. 26,28,577.77/-

મિલ્કતનું સરનામું: સ્થાવર મિલકતના તમામ ભાગ, એ ટાઈપ, પ્લોટ નં. 145 (7/12 અનુસાર પ્લોટ નં. 115/145), ક્ષેત્રફળ 66.92 ચોરસ મીટર, બાંધકામ સાથેનું ક્ષેત્રફળ 108.14 ચોરસ મીટર (બિલ્ટઅપ), સાઇ ચુનિટી રો હાઉસ, જે સ્થિત છે જૂના સરવે નં. 154, નવા સરવે નં. 115, ટી.પી. સ્કીમ નં. 48 (ભેસ્તાન), ફાઈનલ પ્લોટ નં. 17, મોજે ગામ: ભેસ્તાન, પેટા જિલ્લો: સુરત શહેર (મજૂરા), જિલ્લો : સુરત, ગુજરાત-395023, અને સીમાઓ: પૂર્વ: પ્લોટ નં. એ/110, પશ્ચિમ: 7.50 મીટર રસ્તો, ઉત્તર: પ્લોટ નં. એ/146, દક્ષિણ: પ્લોટ નં. એ/144

તમને આથી આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ રકમ સાથે કરાર મુજબના વ્યાજ દર અને અન્ય ખર્ચ, ચાર્જ વગેરે સાથે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ને (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) ચૂકવવાનું કહેવામાં આવે છે. જેમાં નિષ્ફળ જવા પર નીચે સહી કરનારને આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ની (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) બાકી રકમની વસૂલાત કરવા માટે ઉપરોક્ત ગીરે મૂકેલી મિલકતો સામે SARFAESI એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ કાર્યવાહી શરૂ કરવા માટે મજબૂર થશે. વધુમાં તમારા પર ઉપરોક્ત કાયદાની કલમ 13 (13) હેઠળ આ સુરક્ષિત અસ્કયામતોને વેચાણ/લીઝ દ્વારા અથવા અન્યથા હસ્તાંતરિત કરવા પર પ્રતિબંધ છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.
(અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે)
તારીખ: 06-12-2025
સ્થળ: સુરત, ગુજરાત

બૈંક ઑફ બડૌદા Bank of Baroda
રીઝનલ ઓફીસ : સુરત શહેર ક્ષેત્ર-૨, પ્લોટ નં. ૬-બી, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૭

વાહનના વેચાણ માટે ની હરાજી નોટીસ

બેંક ઓફ બરોડા અધિકૃત અધિકારીએ નીચેના લોન ખાતાઓમાં જારી કરાયેલી નોટિસના અનુસંધાનમાં નીચેના વાહનોનો કબજો "જ્યાં છે ત્યાં છે" અને "જેમ છે તે પ્રમાણે છે" પર બેંકની વસૂલાત માટેના આધારે વેચવાના અધિકાર સાથે લીધા હતા. બાકી લેણાં વત્તા વ્યાજ અહીં વિગતવાર દર્શાવેલ છે અને જ્યારે બાકી ચૂકવણી કરવામાં નિષ્ફળતાના પરિણામે, વાહન વેચાણની હરાજી નીચેના વાહનો માટે કરવાની જાહેર નોટીસ.

હરાજીની તા.૨૪/૧૨/૨૦૨૫, સમય : બપોરે ૨:૦૦ થી સાંજે ૬:૦૦, નિરિક્ષણ તારીખ અને સમય : ૧૫/૧૨/૨૦૨૫, ૫ મીનીટ ના વધારા સાથે

અ. નં.	દેવાદાર/ જામીનદાર નામ અને સરનામું	વાહન ની વિગતો	બાકી લેણા (રૂ. લાખમાં)	અનામત કિંમત / ન્યુનતમ ઈએમડી / બીડ વધારાની રકમ	૧. ઈએમડી ડિપોઝીટ ખાતા નં. ૨. આઈએફએસસી કોર્ડ ૩. બેંક ઓફ બરોડા શાખા
૧	શ્રી રાજેશભાઈ સનમુખભાઈ મૈસુરીયા પટેલ ફળીયુ મુ. પોસ્ટ. હરીપુરા તા. પલસાણા, પીનકોડ :૩૯૪૩૨૫ સુરત.	1.Regd. No:- GJ19AM8072 2.Date of Reg.:- 07-01-2019 3.Make:-TATA Motors LTD 4.Model:- TATA HEXA XT4X2 VARICOR BSIV 5.Color:- Pearl White 6.Km Reading:- 85827 KM 7.Fuel Used:- Diesel	રૂા.૧૮.૫૪ (લાખમાં) + અન્ય ચાર્જીસ	૧) રૂ. ૫,૭૨,૦૦૦.૦૦ ૨) રૂ. ૫૭,૨૦૦.૦૦ ૩) રૂ. ૧૦,૦૦૦.૦૦	૧. ખાતા નં. ૦૭૩૦૦૦૧૫૧૮૫૯૯ ૨. BARB0UMBHEL ૩. બેંક ઓજ બરોડા ઉર્બેળ શાખા ૪. ટીલારા વિપુલ કિરીટભાઈ મો : ૯૯૨૫૪૨૯૯૯૪

BAANKNET મિલકત આઈડી અને હરાજી આઈડી અનું. નં. વગેરે વિગતો આપવામાં આવેલ છે.

અનું. નં.૧	BAANKNET મિલકત આઈડી : BARB17924713	હરાજી આઈડી –૨૧૫૦૦૪

* પર્ચિંગ ચાર્જ બિડર/ખરીદનાર દ્વારા ભોગવવાનો રહેશે.
સફળ હરાજી ખરીદનાર/ બિડરે બેંકને વેચાણ રકમ ઉપરાંત લાગુ પડતો ગુડ્સ અને સર્વિસ ટેક્સ (GST)
વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે કૃપા કરીને વેબસાઈટ લિંક https://baanknet.com નો સદર્ભ લો/મુલાકાત લો. સંભવિત બોલી લગાવનારાઓ સંપર્ક કરી શ